CBSE: અનુભવી શિક્ષકોને 'મિત્રા' મિશન હેઠળ મેન્ટર બનાવાશે

દરેક શાળામાંથી 3થી 5 શિક્ષકોની નોંધણી કરાવવા સૂચના

દેશભરના શિક્ષકોને મળશે વ્યવસાયિક માર્ગદર્શન



સુરતઃ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા અને શિક્ષકોની કાર્યક્ષમતામાં વધારો કરવાના હેતુથી નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (NCTE) દ્વારા 'મેન્ટરિંગ ઈનિશિયેટિવ ફોર ટીચિંગ, રિસર્ચ એન્ડ એસેસમેન્ટ' (MITRA) મિશન શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલ અંતર્ગત દેશભરના અનુભવી અને નિષ્ણાત શિક્ષકોને મેન્ટર તરીકે જોડવામાં આવશે.

આ માટે સીબીએસઈએ પોતાના તમામ સંલગ્ન શાળાઓના આચાર્યો અને વડાઓને પરિપત્ર પાઠવી દરેક શાળામાંથી ઓછામાં ઓછા 3થી 5 લાયક અને અનુભવી શિક્ષકોની મેન્ટર તરીકે નોંધણી કરાવવા સૂચના આપી છે.

કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળ કાર્યરત NCTE દ્વારા શરૂ કરાયેલી આ પહેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ના પેરા 15.11માં કરવામાં આવેલી જોગવાઈના આધારે અમલી બનાવવામાં આવી છે.

આ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાના શિક્ષકોને તેમની વ્યાવસાયિક ક્ષમતા વધારવા, શિક્ષણ પદ્ધતિમાં સુધારો લાવવા અને સતત શીખવાની પ્રક્રિયા સાથે જોડાયેલા રહેવા માટે વ્યક્તિગત માર્ગદર્શન પૂરું પાડવાનો છે.

આ મિશન હેઠળ મેન્ટર તરીકે જોડાવા ઇચ્છતા શિક્ષકો પાસે ઓછામાં ઓછો આઠ વર્ષનો વ્યાવસાયિક અનુભવ હોવો જરૂરી છે.

આ ઉપરાંત શિક્ષણના નિર્ધારિત ક્ષેત્રોમાં નિપુણતા, અસરકારક સંવાદ કૌશલ્ય, ડિજિટલ કૌશલ્ય અને મિશનના હેતુ માટે યોગદાન આપવાની તૈયારી હોવી આવશ્યક છે. મેન્ટર તરીકે નોંધણી માટે NCTEના પોર્ટલ પર અરજી કરી શકાશે. નોંધણી અને જોડાવાની પ્રક્રિયા સમજવા માટે માર્ગદર્શક વીડિયો પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. NCTE દ્વારા દર મંગળવારે બપોરે 3:30થી 4:30 દરમિયાન ઓનલાઇન ઓરિએન્ટેશન યોજાશે. જેમાં પોર્ટલ પર નોંધણી, મેન્ટર તરીકે જોડાવાની પ્રક્રિયા અને માર્ગદર્શન સત્રો યોજવા અંગે માહિતી આપવામાં આવશે તેમજ પ્રશ્નોના જવાબ અપાશે.

ઉત્રાણ-મોટા વરાછા વચ્ચે સીધા માર્ગ માટે જમીન આપો

બંધ રેલવે લાઇનની જમીન ફાળવવા મંત્રી કૌશિક વેકરિયાને રજૂઆત કરી ત્રણ રસ્તા સૂચવ્યા.

સુરતઃ શહેરના પૂર્વ વિસ્તારમાં વધતી વસતી અને નવા રહેણાક વિસ્તારોના વિસ્તરણ સામે માર્ગ કનેક્ટિવિટીની સમસ્યા લાંબા સમયથી કાયમી બની ગઈ છે, જેમાં ખાસ કરીને ઉત્રાણથી મોટા વરાછા વચ્ચે સીધો માર્ગ ન હોવાથી રહીશોને આશરે પાંચ કિલોમીટરનો વધારાનો ફેરો ફરવો પડે છે. આ લાંબા ફેરા અને ટ્રાફિકની હાલાકીમાંથી લોકોને રાહત અપાવવા માટે વર્ષોથી બિનઉપયોગી પડેલી જૂની રેલવે લાઇનની જમીનનો માર્ગ નિર્માણ માટે ઉપયોગ કરવાની માંગણી ઊઠી છે. આ સંદર્ભે સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના અધ્યક્ષ મહેન્દ્ર દેસાઈએ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવીને GSECLની માલિકીની ખુલ્લી જમીન મહાનગરપાલિકાને ફાળવવા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા મુજબ નવા સરથાણા પૂર્વ ઝોન-બી વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.86 (કોસાડ) અને ટી.પી. સ્કીમ નં.27 (ઉત્રાણ-કોસાડ)ની વચ્ચે GSECLની જમીન આવેલી છે, જ્યાં અગાઉ ઉત્રાણ પાવર હાઉસ તરફ જતી રેલવે લાઇન કાર્યરત હતી. હાલ આ રેલવે લાઇન લાંબા સમયથી બંધ હાલતમાં હોવાથી જમીન બિનઉપયોગી પડી છે, પરંતુ તેના કારણે આસપાસના વિસ્તારો વચ્ચે સીધું માર્ગ જોડાણ ઊભું કરવામાં અડચણો આવી રહી છે.

હાલ ઉત્રાણના વીઆઇપી સર્કલથી મોટા વરાછા તરફ જવા માટે પૂરતી પહોળાઈ ધરાવતો સીધો રસ્તો ઉપલબ્ધ ન હોવાથી વાહનચાલકોને ફરજિયાત લાંબો માર્ગ પસંદ કરવો પડે છે, જેનો ઉકેલ લાવવા બંધ રેલવે લાઇનની જમીનમાંથી ત્રણ નવા રસ્તા કાઢવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ દરખાસ્તમાં 18 મીટર પહોળાઈના બે રસ્તા અને 12 મીટર પહોળાઈના એક રસ્તાનો સમાવેશ થાય છે, જેને કોસાડની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમમાં નિર્ધારિત માર્ગો સાથે જોડવામાં આવે તો ઉત્રાણ, કોસાડ અને મોટા વરાછા વચ્ચે સીધી અવરજવર સરળ બની શકે છે. એટલું જ નહીં, આ સૂચિત માર્ગો ટી.પી. સ્કીમ નં.84ના 90 મીટરના રિંગ રોડ સાથે પણ કનેક્ટ થઈ શકશે.

બપોરે ભાજપના MLAની હાજરીમાં વાસ્તુપૂજા: રાત્રે દારૂ સાથે ડાન્સ

દારૂની પાર્ટીનો વિડીયો વાયરલ, ચાર સામે ગુનો દાખલ થયો

નરોડાનાં ધારાસભ્ય ડો. પાયલ કુકરાણી, સ્થાનિક કોર્પોરેટર સહિત ભાજપના આગેવાનો બપોરે વાસ્તુ પૂજનમાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર : અમદાવાદના સરદારનગર વિસ્તારમાં એક તરફ ભાજપના ધારાસભ્ય સહિત સ્થાનિક પક્ષના આગેવાનોની હાજરીમાં વાસ્તુ પૂજનનો ધાર્મિક પ્રસંગ યોજાયો હતો, તો બીજી તરફ એ જ સ્થળે રાત્રે દારૂની મહેફિલ યોજાઈ હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા શરૂ થઈ છે. નરોડાનાં ભાજપનાં ધારાસભ્ય ડો. પાયલ કુકરાણી, સ્થાનિક કોર્પોરેટર કમલેશ પટેલ અને ભાજપના બક્ષીપંચ મોરચાના હોદ્દેદાર બપોરે યોજાયેલા વાસ્તુ પૂજનમાં હાજર રહ્યા હતા. બીજી તરફ, વાયરલ વીડિયોના આધારે સરદારનગર પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ચાર વ્યક્તિઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અમદાવાદના નાના ચિલોડા નજીક સરદારનગર વિસ્તારમાં આવેલી નંદીગ્રામ સોસાયટી પાસેના શિવ બંગલોઝમાં એક મહારાષ્ટ્રીયન પરિવારે નવું મકાન ખરીદ્યું હતું. આ મકાનના વાસ્તુ પૂજનનો કાર્યક્રમ ગુરુવાર, ૧૯ નવેમ્બરના રોજ યોજાયો હતો. બપોરે યોજાયેલા ધાર્મિક પ્રસંગમાં નરોડાનાં ધારાસભ્ય ડો. પાયલ કુકરાણી ઉપરાંત સ્થાનિક કોર્પોરેટર કમલેશ પટેલ અને સરદારનગર વોર્ડના ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહેમાનો અને સ્થાનિક આગેવાનોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

જોકે, દિવસ દરમિયાન ધાર્મિક વિધિ સાથે યોજાયેલા આ કાર્યક્રમ બાદ રાત્રે ત્યાં પાર્ટી યોજાઈ હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર મામલો વિવાદમાં આવ્યો હતો.

ઇન્સ્ટાગ્રામ સ્ટોરી મારફતે સામે આવેલા વીડિયોમાં કેટલાક યુવકો દારૂ અને સોડા મિક્સ કરતા, ગ્લાસ ટકરાવીને 'ચિયર્સ' કરતા અને એક મહિલા હાથમાં બીયરની બોટલ લઈને ડાન્સ કરતી જોવા મળે છે. યુવક-યુવતીઓ દારૂની મહેફિલ માણી રહ્યાં હોવાનાં દૃશ્યો પણ વીડિયોમાં દેખાય છે.

ધાર્મિક પ્રસંગમાં ગઈ હતી, દારૂની પાર્ટીની જાણ નહોતી : ધારાસભ્ય

ધારાસભ્ય ડો. પાયલ કુકરાણીના જણાવ્યા અનુસાર, તેઓ બપોરના ધાર્મિક કાર્યક્રમમાં હાજર હતાં, પરંતુ રાત્રે યોજાયેલી કથિત દારૂની મહેફિલ વખતે ત્યાં નહોતાં. વાસ્તુ પૂજનના પ્રસંગને રાત્રે યોજાયેલી દારૂની પાર્ટી સાથે જોડવો ખોટો છે અને આવી કોઈ મહેફિલ યોજાવાની તેમને જાણ પણ નહોતી. તેમણે આ મામલે અમદાવાદ પોલીસ કમિશનર, ડીસીપી અને સરદારનગર પોલીસ ઇન્સ્પેક્ટરને જાણ કરીને કડક કાર્યવાહી કરવા જણાવ્યું હોવાનું પણ કહ્યું છે. સાથે જ, આ ઘટનામાં ખોટી રીતે પોતાનું નામ જોડનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી આપી છે.

મહારાષ્ટ્રથી આવેલા મહેમાનો દારૂ લાવ્યા હતા

બીજી તરફ, વીડિયો વાયરલ થયા બાદ સરદારનગર પોલીસે તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં પ્રસંગમાં મુંબઈ અને મહારાષ્ટ્ર તરફથી આવેલા કેટલાક મહેમાનો પોતાની સાથે દારૂ લાવ્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસે મકાનમાલિક અને બહારથી આવેલા મહેમાનો સહિત ચાર વ્યક્તિઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. હાલમાં પોલીસ વાયરલ વીડિયોની વિગતો અને તેમાં દેખાતા વ્યક્તિઓની ઓળખ સહિતના મુદ્દે વધુ તપાસ કરી રહી છે.

ગુજરાત પોલીસ વિભાગમાં 3,000 જગ્યાઓ પર ભરતીની જાહેરાત

૨૬ નવેમ્બરથી ઓનલાઇન અરજીઓ શરૂ

ગાંધીનગર : ગુજરાત પોલીસમાં સરકારી નોકરી મેળવવા ઇચ્છતા યુવાનો માટે મોટી તક આવી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) દ્વારા વર્ગ-3ની લોકરક્ષક અને ટેકનિકલ કેડરની કુલ 3,000 ખાલી જગ્યાઓ પર સીધી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતીમાં બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૧-૧ હજાર જગ્યાઓ ઉપરાંત સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (SRPF)માં ૮૪૧ કોન્સ્ટેબલની ભરતી કરાશે. જ્યારે હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિક અને મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝરની ટેકનિકલ કેડરની ૧૫૯ જગ્યાઓ ભરવામાં આવશે. ભરતી માટે ૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૨ વાગ્યાથી ઓનલાઇન અરજી પ્રક્રિયા શરૂ થશે, જે ૧૬ ડિસેમ્બરની રાત્રે ૧૧.૫૯ વાગ્યા સુધી ચાલશે.

આ ભરતી અંતર્ગત બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ (UPC) ની ૧,૦૦૦, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (APC) ની ૧,૦૦૦ અને એસઆરપીએફ કોન્સ્ટેબલ (હથિયારી) ની ૮૪૧ જગ્યાઓ મળીને લોકરક્ષક કેડરની કુલ ૨,૮૪૧ જગ્યાઓ ભરવામાં આવશે, જેના માટે ઉમેદવાર માન્ય બોર્ડમાંથી ધોરણ ૧૨ (ઉચ્ચતર માધ્યમિક) અથવા સરકાર માન્ય સમકક્ષ પરીક્ષા પાસ હોવા જરૂરી છે. આ ઉપરાંત, ટેકનિકલ કેડરમાં હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિક (ગ્રેડ-૨) ની ૧૩૩ અને મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝર (ગ્રેડ-૨) ની ૨૬ જગ્યાઓ મળી કુલ ૧૫૯ જગ્યાઓ માટે ભરતી થશે, જેના માટે ધોરણ ૧૨ પાસ ઉપરાંત માન્ય આઇટીઆઇ માંથી 'મોટર મિકેનિક વ્હીકલ' ટ્રેડનું પ્રમાણપત્ર અને ૧ વર્ષની એપ્રેન્ટિસશિપ (અથવા 3 વર્ષની નેશનલ એપ્રેન્ટિસશિપ) પૂર્ણ કરેલી હોવી ફરજિયાત છે.

ધોરણ-૧૨ પાસ ઉમેદવારોને તક

લોકરક્ષક કેડરની બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ અને એસઆરપીએફ કોન્સ્ટેબલની જગ્યાઓ માટે માન્ય બોર્ડમાંથી ધોરણ ૧૨ પાસ અથવા સરકાર માન્ય સમકક્ષ લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે. જોકે, ટેકનિકલ કેડરની હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિક અને મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝરની જગ્યાઓ માટે ધોરણ ૧૨ પાસ હોવા ઉપરાંત માન્ય આઇટીઆઇમાંથી મોટર મિકેનિક વ્હીકલ ટ્રેડનું પ્રમાણપત્ર અને એક વર્ષની એપ્રેન્ટિસશિપ અથવા ત્રણ વર્ષની નેશનલ એપ્રેન્ટિસશિપ પૂર્ણ કરેલી હોવી જરૂરી છે.

ઓજસ પર અલગ-અલગ અરજી કરવી પડશે

ઉમેદવારોએ લોકરક્ષક કેડર અને ટેકનિકલ કેડર માટે અલગ-અલગ ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે. અરજી ગુજરાત સરકારના ઓજસ પોર્ટલ મારફતે કરી શકાશે. ભરતીને લગતી શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, શારીરિક કસોટી, પરીક્ષા પદ્ધતિ, અનામત અને અન્ય શરતો અંગેની વિસ્તૃત સૂચનાઓ ૨૬ નવેમ્બરના રોજ ગુજરાત પોલીસ ભરતી બોર્ડની વેબસાઇટ તથા ઓજસ પોર્ટલ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. તેથી ઉમેદવારોએ અરજી કરતાં પહેલાં સત્તાવાર જાહેરાતમાં દર્શાવેલી તમામ વિગતો તપાસવી જરૂરી રહેશે.

કુડો નેશનલ્સમાં સેગવાછામાનાં બે ભાઈ-બહેનની ઝળહળતી સિદ્ધિ

દેવાંશ પટેલે નેશનલમાં ગોલ્ડ સહિત ત્રણ મેડલ જિત્યા, દેવ્યાંશી પટેલે બ્રોન્ઝ મેડલ મેળવી ગામનું નામ રોશન કર્યું



સુરતઃ અમદાવાદ ખાતે 13થી 18 નવેમ્બર દરમિયાન યોજાયેલી 17મી કુડો નેશનલ ટુર્નામેન્ટ 2026-27માં ઓલપાડના સેગવાછામા ગામના ખેડૂતપુત્ર જીગ્નેશ રામુભાઈ પટેલના પરિવારનાં બે બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કરી ગામનું નામ રોશન કર્યું હતું. ટુર્નામેન્ટમાં 5437થી વધુ ફાઇટર્સે ભાગ લીધો હતો. તેમાં દેવાંશ પટેલે અંડર-10 બોય્ઝ 36 કિલો વજન વર્ગમાં નેશનલમાં ગોલ્ડ મેડલ, ઇન્ટરનેશનલમાં બ્રોન્ઝ મેડલ અને ફેડરેશન કપમાં સિલ્વર મેડલ મેળવી ત્રિપલ સફળતા હાંસલ કરી હતી. જ્યારે દેવ્યાંશી પટેલે અંડર-13 ગર્લ્સ 45 કિલોથી વધુ વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ જિત્યો હતો. બંને ભાઈ-બહેનને શિહાન વિસ્પી ખરાડી, સેન્સેઈ અબુ સર, સેન્સેઈ કુન્જલ દેસાઈ અને અસિત સરના માર્ગદર્શન હેઠળ તાલીમ મળી હતી. તેમની આ સિદ્ધિથી પરિવાર સહિત સમગ્ર સેગવાછામા ગામમાં ખુશીની લાગણી ફેલાઈ છે.

10 વર્ષથી ફરાર ગાંજા કેસનો આરોપી સુરતથી ઝડપાયો

SOGની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે અમરોલીમાંથી દબોચ્યો

સુરતઃ સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPSના ગુનામાં છેલ્લા 10 વર્ષથી નાસતો-ફરતો આરોપીને પશ્ચિમ રેલવે, વડોદરા SOGની ટીમે સુરતમાંથી ઝડપી પાડ્યો છે. આ ગુનામાં કુલ 732.700 કિલોગ્રામ ગાંજો, જેની કિંમત રૂ. 43,97,470 છે, તે મુદ્દામાલ તરીકે નોંધાયો હતો.

આ કેસ સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં વર્ષ 2016માં નોંધાયો હતો. એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા તા. 12/11/2026 થી 26/11/2026 સુધી NDPS એક્ટના નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશિયલ ડ્રાઇવ રાખવામાં આવી છે. તે અંતર્ગત SOGની ટીમ સુરત શહેર વિસ્તારમાં તપાસ કરી રહી હતી. તપાસ દરમિયાન ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી આરોપીનું લોકેશન મળ્યું હતું. આરોપી મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના નુવાપલ્લી ગામનો વતની છે અને હાલ સુરતના અમરોલી વિસ્તારમાં રહેતો હતો. પોલીસે આરોપીને પકડીને કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ માટે સુરત રેલવે પોલીસ સ્ટેશન ખાતે સોંપ્યો છે.

દિવાળીમાં STની બમ્પર કમાણી, સુરતથી 69 હજારથી વધુ લોકો વતન પહોંચ્યા

5 દિવસમાં 1361 એક્સ્ટ્રા બસ દોડી, ₹.2.60 કરોડની આવક

'ST આપના દ્વારે'થી 7644 મુસાફરને સીધા ઘર સુધી લાભ

સુરતઃ દિવાળીના તહેવારમાં વતન જવા માટે સુરત ST વિભાગે કરેલી ખાસ વ્યવસ્થાને લોકોએ જબરદસ્ત પ્રતિસાદ આપ્યો છે. તા.4થી 7 નવેમ્બર દરમિયાન દોડાવાયેલી 1300થી વધુ એક્સ્ટ્રા બસનો 69,162 મુસાફરોએ લાભ લીધો હતો. જેનાથી વિભાગને રૂ.2,59,96,164ની મોટી આવક થઈ છે.

આ ચાર દિવસમાં કુલ 5,31,449 કિમીની 1361 એક્સ્ટ્રા ટ્રીપ કરવામાં આવી હતી. મુસાફરો વ્યાજબી ભાડામાં પરિવાર સાથે સમયસર અને સુરક્ષિત રીતે પોતાના વતન પહોંચ્યા હતા. 'ST આપના દ્વારે' યોજના પણ ખૂબ સફળ રહી હતી. આ યોજના હેઠળ આખી બસનું ગ્રૂપ બુકિંગ કરાવનાર મુસાફરોને તેમની સોસાયટીથી સીધા વતનના ગામ સુધી પહોંચાડાયા હતા. તેમાં 67,813 કિમીની 147 ટ્રીપ મારફતે 7644 લોકોને વતન પહોંચાડાયા હતા.

આ ગ્રુપ બુકિંગથી જ STને રૂ.34,26,072ની આવક થઈ હતી. સુરતથી સૌથી વધુ ટ્રીપો ઝાલોદ માટે થઈ હતી. ઝાલોદની 260, રામનગર-અડાજણથી ઝાલોદની 91, દાહોદની 177, અમરેલીની 124, મહુવાની 86, ગારીયાધારની 65, સાવરકુંડલાની 60, જૂનાગઢની 49, ભાવનગરની 41, ઉનાની 17 અને રાજકોટની 3 ટ્રીપ કરવામાં આવી હતી.

છેલ્લા દિવસે તા.7મીએ એક જ દિવસમાં 260 ટ્રીપ મારફતે 11,954 મુસાફર વતન ગયા હતા. તહેવારને કારણે દૈનિક એડ્વાન્સ બુકિંગમાં ગત માસ કરતા 18 ટકાનો વધારો નોંધાયો હતો. સુરતમાં સ્થાયી થયેલા સૌરાષ્ટ્રના રત્નકલાકારો, ખાસ કરીને ભાવનગર, અમરેલી, જૂનાગઢના લોકો દિવાળીમાં સપરિવાર વતન જતા હોય છે. તેમના માટે તેમજ પંચમહાલ, ઉત્તર ગુજરાત અને મહારાષ્ટ્ર તરફ જતા મુસાફરો માટે આ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું, તેમ ST વિભાગે જણાવ્યું હતું.

ગુજસીટોક કેસમાં બે આરોપીના જામીન રદ

સુરતઃ સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ રાહુલ અરુણકુમાર ત્રિવેદીએ ગુજસીટોક (GUJCTOC) સહિતના ગંભીર ગુનામાં જામીન પર મુક્ત થયેલા આરોપી ચિરાગભાઈ રેવાભાઈ મેર (ભરવાડ) તથા સૂર્યદીપ ઉર્ફે સૂરજ ઉર્ફે ભૂરો ભરતભાઈ મગનભાઈ વિરડીયાનાં જામીન રદ કરવાનો હુકમ કર્યો હતો. કોર્ટે બંને આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કર્યો હતો. આરોપીએ જામીનની શરતોનો ભંગ કરી ફરી ગુનાહિત પ્રવૃત્તિ આચરતાં સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ જામીન રદ કરવાની અરજી રજૂ કરી હતી. ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસમાં આરોપી ચિરાગભાઈ રેવાભાઈ મેર (રહે., ગોડાદરા) અને સૂર્યદીપ ઉર્ફે સૂરજ કોર્ટ દ્વારા શરતોને આધીન જામીન આપવામાં આવ્યા હતા. જામીન રદ કરવાની અરજીની સુનાવણીમાં સરકાર તરફે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ રજૂઆત કરી હતી કે, આરોપીએ જામીનમુક્ત થયા બાદ શરતોનું પાલન કર્યું નથી. પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવી નથી. જામીન દરમિયાન આરોપી ચિરાગ દ્વારા સુરતમાં જ વરાછા, અડાજણ, પાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુના આચરવામાં આવ્યા છે. જ્યારે આરોપી સૂર્યદીપ ઉર્ફે સૂરજે ગેંગ લીડર ચિરાગ તથા અન્ય સહઆરોપીઓ સાથે મળી અડાજણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુના કર્યો હતો. સુનાવણી દરમિયાન આરોપીને નોટિસની બજવણી છતાં આરોપી કે તેમના વકીલ કોર્ટમાં હાજર રહ્યા ન હતા કે કોઈ બચાવ રજૂ કર્યો ન હતો.

પલસાણા 5 મિત્રોને અકસ્માત , એકનું મોત

સુરતઃ અલથાણમાં રહેતા પાંચ મિત્રો ગુરુવારે રાત્રે કારમાં પલસાણા ખાતે હોટલમાં જમવા જઈ રહ્યા હતા. દરમિયાન સચિન-પલસાણા રોડ પર વાંઝ ગામ નજીક હોજીવાલા એસ્ટેટ પાસે કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ધડાકાભેર ડિવાઇડર સાથે અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાને પગલે 29 વર્ષીય રોહનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે કારમાં સવાર અન્ય ચાર મિત્રોને નાની-મોટી ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ અલથાણ વિસ્તારના સ્વસ્તિક પાર્ક રો-હાઉસમાં રહેતો 29 વર્ષીય રોહન દિનયાન કવરાણા ગુરુવારે રાત્રે તેના ચાર મિત્રો જય, ભાર્ગવ, નમનસિંહ અને પિન્કેશકુમાર સાથે કારમાં પલસાણા ખાતે આવેલી રેસ્ટોરન્ટમાં જમવા જવા નીકળ્યો હતો. દરમિયાન સચિન-પલસાણા રોડ પર વાંઝ ગામના હાઈવે પર હોજીવાલા એસ્ટેટ નજીક પૂરપાટ ઝડપે દોડતી કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર ડિવાઇડર સાથે જોરદાર અથડાઈ હતી. અકસ્માત થતાં જ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. 108ની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ગંભીર ઈજાગ્રસ્ત રોહનને તપાસ્યા બાદ મૃત જાહેર કર્યો હતો. જ્યારે અન્ય ચાર મિત્રોને ઈજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અનુસંધાન ... પાના પહેલાનું

કાશ્મીર સહિત ઉત્તર...

અને ગુલમર્ગમાં પણ પારો શૂન્યથી નીચે નોંધાયો છે. ઉનાળુ રાજધાની શ્રીનગરમાં પણ તાપમાન ઘટીને -0.2C સુધી પહોંચી ગયું છે, જેના કારણે સવારના સમયે જળાશયોના કિનારે બરફનું પાતળું પડ જામવા લાગ્યું છે. પહાડો પરથી આવી રહેલા બર્ફીલા પવનોએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સહિત પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહારના મેદાની વિસ્તારોમાં ઠંડી વધારી દીધી છે. દિલ્હીમાં ઋતુનો સૌથી ઠંડો દિવસ આજે નોંધાયો હતો જેમાં તાપમાન ૧૦.૫ ડીગ્રી સુધી પહોંચી ગયું હતું. રાજસ્થાનમાં પણ સવારે અને સાંજે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. દરમ્યાન, બંગાળની ખાડીના પશ્ચિમ-મધ્ય ભાગમાં બનેલું ગંભીર ચક્રવાતી તોફાન 'અકવાન' 20 નવેમ્બરની સવારે નબળું પડીને ચક્રવાતી તોફાનના સ્વરૂપમાં ઉત્તરી આંધ્ર પ્રદેશ અને દક્ષિણી ઓડિશાના દરિયાકાંઠા સાથે ટકરાયું હતું. આ તોફાન અને તેની સાથે સક્રિય ભેજવાળા પવનોની સીધી અસર દેશના 8 રાજ્યો-ઓડિશા, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને તેલંગાણા તથા મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તાર પર પડી રહી છે.

'ગગનયાન'નું પ્રથમ...

(એચએસએફસી) અને યુ.આર. રાવ સેટેલાઇટ સેન્ટર (યુઆરએસસી) ખાતે આશરે 80 ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, પરંતુ અવકાશયાન અને લોન્ચ વ્હીકલને ઉડાન માટે મંજૂરી આપતા પહેલા કેટલીક મહત્વપૂર્ણ પ્રક્રિયાઓ હજુ બાકી છે. અગાઉ ઈસરોના ચેરમેન ડો. વી. નારાયણને સપ્ટેમ્બરમાં ઈઓએસ-05 સાથેના જીએસએલવી-એફ17ના સફળ પ્રક્ષેપણ બાદ 2026માં ગગનયાન સહિતના લોન્ચનો સંકેત આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ક્રૂ એસ્કેપ સિસ્ટમની પ્રગતિ થઈ છે, એન્વાયરમેન્ટલ કંટ્રોલ અને સેફ્ટી સિસ્ટમ અદ્યતન તબક્કામાં છે અને લગભગ 8,000 પરીક્ષણો પૂરા કરાયા છે. જાન્યુઆરી 2019માં મંજૂર થયેલા આ પ્રોજેક્ટમાં કોવિડ-19 મહામારી અને સપ્લાય ચેઇન અવરોધોને કારણે અગાઉ પણ સમયમર્યાદા બદલાઈ હતી, તેમજ ઓક્ટોબર 2024માં મિશન 3થી વધારીને 8 કરાયા હતા. પ્રથમ માનવરહિત G1 ફ્લાઇટમાં અર્ધ-હ્યુમનોઈડ રોબોટ વ્યોમમિત્ર મોકલીને એલવીએમ3 લોન્ચ વ્હીકલ, ક્રૂ મોડ્યુલ, લાઇફ-સપોર્ટ અને રિકવરી સિસ્ટમ ચકાસાશે, કારણ કે ભવિષ્યમાં અવકાશયાત્રીઓની સુરક્ષા આ જ પ્રણાલીઓ પર નિર્ભર રહેશે. માનવ જીવનની સુરક્ષાને ધ્યાનમાં રાખી ઈસરો સમયમર્યાદા કરતા વિશ્વસનીયતાને વધુ મહત્વ આપી રહ્યું છે.

ઓડિશામાં અકવાન...

છે. લેન્ડફોલની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હવામાન કચેરીએ તેના બપોરે ૧ વાગ્યાના બુલેટિનમાં જણાવ્યું હતું કે ચક્રવાતી તોફાન નબળું પડીને ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું છે, જેની સાથે દક્ષિણ તટીય ઓડિશામાં ૫૫-૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે, જે ૭૫ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. IMD ના ડીજી મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, "દક્ષિણ ઓડિશામાં અત્યારે ભારે વરસાદ પડી રહ્યો છે અને ઉત્તર ભાગમાં પણ પાછળથી ભારે વરસાદ પડશે." તેમણે ઉમેર્યું હતું કે શનિવારથી વરસાદની તીવ્રતા ઘટશે. પુરીનું જગન્નાથ મંદિર ખુલ્લું રહ્યું હતું, પરંતુ તેના સત્તાવાળાઓએ ભક્તોને હવામાનની સલાહ મુજબ તેમની મુલાકાતનું આયોજન કરવા વિનંતી કરી હતી. જો કે, પુરીનું ગુંડિચા મંદિર ૧૯ થી ૨૧ નવેમ્બર સુધી મુલાકાતીઓ માટે બંધ રાખવામાં આવ્યું હતું. ભુવનેશ્વરમાં નંદનકાનન ઝૂઓલોજિકલ પાર્ક અને તેને અડીને આવેલ સ્ટેટ બોટનિકલ ગાર્ડન, કેન્દ્રપાડા જિલ્લામાં ભીતરકણિકા નેશનલ પાર્ક અને મયુરભંજનું સિમિલીપાલ ટાઇગર રિઝર્વ જેવા અન્ય પ્રવાસન સ્થળો પણ બંધ રાખવામાં આવ્યા હતા.

સાંસ્કૃતિક જોડાણ...

લીધી હતી. 2001માં સ્થપાયેલા એસસીઓમાં